# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 17-10-2024 Morning : 7.10 to 7.20
Day: Thursday Regional News

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1) કેન્દ્ર સરકારે તેમના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ત્રણ ટકાનો જ્યારે રવિ પાકના લઘુત્તમ ટેકાના ભાવોમાં વધારો જાહેર કર્યો
2) રાજ્ય સરકારે પોરબંદરના નવીબંદર મત્સ્ય ઉતરણ કેન્દ્રને 13 કરોડ 48 લાખથી વધુના ખર્ચે અદ્યતન બનાવવાનો નિર્ણય કર્યો
3) રાજ્યમાં આંતરિયાળ ગામો સુધી હવે પોષાય તેવી અને ઉચ્ચગુણવત્તાવાળી મોબાઇલ અને ડિજિટલ સેવા મળશે
4) વાહનવ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, 'આખી ST બસનું એડવાન્સ બુકિંગ થશે તો મુસાફરોને ઘરઆંગણે સેવા પૂરી પાડવા ST વિભાગ કટિબદ્ધ'
5) બનાસકાંઠાના ધાનેરામાંથી શંકાસ્પદ 703 કિલો ઘીનો જથ્થો જપ્ત કરાયો

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# CABINET DECISION ON DA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટે સરકારી કર્મચારીઓ અને પેન્શનરોના મોંઘવારી ભથ્થામાં 3 ટકાના વધારાને મંજૂરી આપી છે. સરકારના આ નિર્ણયથી અંદાજે 49 લાખ કેન્દ્રીય કર્મચારીઓને, જ્યારે 64 લાખ પેન્શનરોને ફાયદો થશે. આ નિર્ણયથી સરકારી તીજોરી પર વર્ષિક 9 હજાર 448 કરોડ રૂપિયાનું ભારણ વધશે.

# CABINET DECISION ON MSP

કેન્દ્રીય કેબિનેટે વર્ષ 2025-26ની બજાર સિઝન માટેના રવિ પાકના લઘુત્તમ ટેકાના ભાવમાં પણ વધારો કર્યો છે. કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે આ અંગે જણાવ્યું કે સરસવના પાકમાં સૌથી વધુ 300 રૂપિયા પ્રતિ ક્વિન્ટલનો વધારો કરાયો છે. મસુર દાળના ભાવમાં 275 રૂપિયા, ચણાના ભાવમાં 210 રૂપિયા, જવના ભાવમાં 130 રૂપિયા તેમજ ઘંઉના લઘુત્તમ ટેકાના ભાવોમાં 150 રૂપિયા પ્રતિ ક્વિન્ટલનો વધારો જાહેર કર્યો છે.

# Ravi Pak

રાજ્યમાં આ વખતે સારો વરસાદ પડતાં ખેડૂતોને રવિ પાકમાં નુકસાન થયું છે પરંતુ સરકારે ખેડૂતોને ખાતરી આપી છે કે, તેમને ખાતરમાં કોઈ તંગી રહેશે નહીં. જેના માટે સરકારે આગોતરા પગલાના ભાગરૂપે કેન્દ્ર સરકાર પાસેથી ખાતરની માગણી કરી છે.

રાજય સરકારે 6 લાખ 80 હજાર મેટ્રીક ટન ખાતરની માંગણી કરતાં કેન્દ્ર સરકારે ખાતરનો કેટલોક જથ્થો રાજ્યને પહોંચાડયો છે. વધુમાં બાગાયત ખેતી નિયામક બી.જે.પટેલ જણાવે છે.....

(બાઈટ - બી.જે.પટેલ, બાગાયત ખેતી નિયામક ગુજરાત સરકાર)

# DIWALI ADVANCE SALARY

દિવાળીના તહેવારોને અનુલક્ષીને સરકારી કર્મચારીઓને ઑક્ટોબર માસનો પગાર અને પેન્શનની ચૂકવણી 23થી 25 તારીખ દરમિયાન કરાશે.. વિવિધ કર્મચારી મંડળો, એસોસિએશન અને અગ્રણીઓ દ્વારા મળેલી રજૂઆતના પ્રતિસાદમાં રાજ્ય સરકારે આ નિર્ણય લીધો છે.

# PORBANDARMATSYA KENDRA UPGRADE

રાજ્ય સરકારે પોરબંદરના નવીબંદર મત્સ્ય ઉતરણ કેન્દ્રને 13 કરોડ 48 લાખ રૂપિયાથી વધુના ખર્ચે અપગ્રેડ એટલે કે, અદ્યતન બનાવવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણયના કારણે પોરબંદર જિલ્લાના અનેક માછીમારો અને નાની-મોટી બોટને વિવિધ લાભ થશે. 100 ટકા રાજ્ય પુરસ્કૃત મત્સ્ય કેન્દ્રો ખાતે માળખાકીય સુવિધાઓ પૂરી પાડવાની યોજના હેઠળ નવીબંદર મત્સ્ય ઉતરણ કેન્દ્ર ખાતે આંતરિક માર્ગ જોડાણ, બૉટ રિપેરિંગ શૉપ, દરિયાઈ સલામતીને લગતી સુવિધાઓ, પાણીની સુવિધાનું જોડાણ, લાઈટિંગ, અગ્નિશમનને લગતી સુવિધાઓ જેવી માળખાકીય સુવિધાઓથી સુસજ્જ કરાશે.

પોરબંદર ભારતીય જનતા પક્ષના જિલ્લા પ્રમુખે નવીબંદર મત્સ્ય ઉતરણ કેન્દ્રને અદ્યતન કરવા અંગે કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાને પત્ર લખ્યો હતો. ત્યારબાદ કેન્દ્રીય મંત્રીએ રાજ્યના મત્સ્યોદ્યોગ મંત્રી રાઘવજી પટેલને આ અંગે રજૂઆત કરતાં સરકારે આ નિર્ણય કર્યો છે.

# CM ANAND JANSAMVAD

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, ‘કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓના લાભ ઘર ઘર સુધી પહોંચ્યો છે, જેના પરિણામે લોકો આર્થિક રીતે મજબૂત થઈ રહ્યા છે. જનસંવાદ કાર્યક્રમ દ્વારા નાગરિકો પોતાનો અવાજ રજૂ કરી શકે છે. આણંદ જિલ્લાના ભાદરણમાં મુખ્યમંત્રીએ ગ્રામજનો સાથે જનસંવાદ દરમિયાન આમ જણાવ્યું હતું. શ્રી પટેલે ઉમેર્યું કે, રાજ્યમાં નાણાંના અભાવે વિકાસનું એક પણ કામ અટકવાનું નથી. ગામ, તાલુકા અને જિલ્લાકક્ષાએ વિકાસકામોનું યોગ્ય રીતે આયોજન કરવા તેમણે અનુરોધ કર્યો હતો.

મુખ્યમંત્રીએ ગ્રામજનોએ રજૂ કરેલા પ્રશ્નોનો હકારાત્મક ઉકેલ લાવવા બાંહેધરી આપી હતી. શ્રી પટેલે ભાદરણમાં ઘરવિહોણા લોકો માટે વધુ 2 એકર જમીન ફાળવવાની સ્થળ પર જ જાહેરાત કરી હતી. તેમજ ગામમાં ગંદા પાણીના નિકાલ માટે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટે જરૂરી અનુદાન ફાળવવામાં આવશે તેમ પણ જણાવ્યું હતું. ગ્રામ સંવાદમાં રજૂ થયેલા પ્રશ્નોનો સમય મર્યાદામાં ઉકેલ કરવા મુખ્યમંત્રીએ અધિકારીઓને સ્થળ પર જ સૂચનાઓ આપી હતી.\\

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................

# DIGITAL SEVA IN VILLAGES

રાજ્યમાં દૂરના આંતરિયાળ ગામો સુધી હવે પોષાય તેવી અને ઉચ્ચગુણવત્તાવાળી મૉબાઇલ અને ડિજિટલ સેવા મળતી થશે. આ માટે કેન્દ્ર સરકારના દૂરસંચાર વિભાગના સાર્વત્રિક સેવા જવાબદારી ભંડોળમાંથી સુધારેલ ભારત નેટ પ્રૉગ્રામ અંતર્ગત રાજ્યના વિજ્ઞાન અને ટેક્નૉલોજી વિભાગને 6 હજાર કરોડ રૂપિયા મળશે.

નવી દિલ્હીમાં ભારત મંડપમ્ ખાતે યોજાયેલી ઇન્ડિયા મૉબાઈલ કૉંગ્રેસમાં કેન્દ્રીય સંચાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા અને શિક્ષણ રાજ્યમંત્રી પ્રફૂલ પાનશેરિયાની ઉપસ્થિતિમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે MOC એટલે કે, મેમૉરેન્ડમ ઑફ કૉ-ઑપરેશન કરાયા હતા.

વિકાસ સપ્તાહની ઉજવણીની પૂર્ણાહૂતિના દિવસે થયેલા આ MOC પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ડિજિટલ ભારત અને છેવાડાના વિસ્તારો સુધી બ્રૉડબેન્ડ ઇન્ટરનેટ જોડાણના અભિગમને સાકાર કરશે.

રાજ્યના ડિજિટલ કનેક્ટિવિટી લેન્ડસ્કેપમાં સમાન કવરેજ માટે સરકારની આગવી પહેલરૂપ ભારત નેટ ફેઝ-1 અને ફેઝ-2 તથા જિલ્લા વચ્ચેના ડિજિટલ વિભાજનને દૂર કરી અંતરિયાળ ગામોમાં પણ 98 ટકાથી વધુનો સર્વિસ અપટાઈમ હાંસલ કરવામાં આ MOC યોગ્ય બનશે.

# SURAT ST HARSHSANGHAVI

વાહનવ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ કહ્યું કે, ‘વાર- તહેવાર અને ધાર્મિક કાર્યક્રમો દરમિયાન વધારાની એસ.ટી. બસો જરૂરીયાત પ્રમાણે દોડાવવામાં આવશે. તેમજ કોઈપણ પ્રસંગ માટે S.T.ની આખી બસનું જો પહેલાથી એટલે કે, એડવાન્સ બુકિંગ કરાશે તો મુસાફરોના ઘરઆંગણા સુધી S.T. વિભાગ સેવા પૂરી પાડવા કટીબદ્ધ છે.’ ભાવનગરમાં ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ લિમિટેડ દ્વારા 762.62 લાખ રૂપિયાના ખર્ચે નિર્માણ પામેલી વિભાગીય કચેરીનું લોકાર્પણ કરતા શ્રી સંઘવીએ આમ જણાવ્યું હતું.

શ્રી સંઘવીએ ઉમેર્યું કે, ‘લોકોની પરિવહન સુવિધામાં વધારો કરવા રાજ્ય સરકારે તાજેતરમાં 2 હજાર 800થી વધુ બસની ફાળવણી કરી છે. S.T. નિગમની 350 જેટલી બસોનું સંચાલન ભાવનગર જિલ્લામાંથી થઈ રહ્યું છે. સુરત, વડોદરા, અમદાવાદ સહિતના વિવિધ જિલ્લામાં મુસાફરોને તેમના ગંતવ્ય સ્થાન સુધી સલામત અને સમયબદ્ધ રીતે અને વ્યાજબી ભાવે બસની સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે.

# BANASKANTHA NAKLI GHEE

બનાસકાંઠામાં અન્ન અને નાગરિક પૂરવઠા વિભાગે દરોડા પાડી ધાનેરામાંથી શંકાસ્પદ 703 કિલો ઘીનો જથ્થો જપ્ત કર્યો હતો. ખાનગી કંપનીનું સ્ટિકર લગાવીને શંકાસ્પદ ઘી બજારમાં વેચવા મુકવાનું કાવતરું રચવામાં આવ્યું હતું.

જોકે, અન્ન અને નાગરિક પૂરવઠા વિભાગે અંદાજે 91 હજાર રૂપિયાનો માલસામાન જપ્ત કર્યો હોવાના અહેવાલ છે. આ અંગે ગાંધીનગર વિજિલન્સની ટીમે કાયદેસરની કાર્યવાહી કરી વધુતપાસ હાથ ધરી છે

# diwali vacation

રાજ્યની પ્રાથમિક શાળાઓમાં 28 ઓક્ટોબરથી 17 નવેમ્બર સુધી 21 દિવસનું દિવાળી વેકેશન જાહેર કરાયું છે. આ અંગેનો પ્રાથમિક શિક્ષણ વિભાગે તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને મોકલેલા પરિપત્રમાં જણાવાયું છે કે, રાજ્યની તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં વેકેશનની તારીખ એક સરખી રહે તે માટે દર વર્ષે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા એક કેલેન્ડર આપવામાં આવે છે... જે મુજબ રાજ્યની પ્રાથમિક શાળા માટે દિવાળી વેકેશન 21 દિવસનું રહેશે.

# vikas saptah

વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્ર ખાતે મહિલા એનિમિયા ચકાસણી શિબિર યોજાઈ. જેમાં યુનિવર્સિટીમાં ભણતી વિદ્યાર્થિનીઓએ તપાસ કરાવી હતી.

# Collector Dang

ડાંગ જિલ્લાના ગઈકાલે રાત્રે આહવા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે સંગીત સંધ્યા સાથે પુરસ્કાર વિતરણનો કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં ડાંગ પોલીસ અને જીઆરડીના જવાનો એ નવરાત્રી દરમિયાન મહિલા જાગૃતિ સહિતના કાર્યક્રમમાં સારી કામગીરી કરતાં જીઆરડી જવાનોનું સન્માન કરાયું હતું.

# Science Center

પાટણના વિજ્ઞાન કેન્દ્ર ખાતે વિશ્વ ખોરાક દિવસ નિમિત્તે યોજાયેલા જાગૃતિ કાર્યક્રમમાં નિષ્ણાતોએ લોકોને ખાદ્ય સલામતી અંગેની મહત્વની બાબતોની માહિતી આપી હતી.

વિજ્ઞાન કેન્દ્રના પ્રૉજેક્ટ ડાયરેકટર ડો. સુમિત શાસ્ત્રીએ જણાવ્યું કે દર વર્ષે 60 કરોડ જેટલા લોકો દૂષિત ખોરાકથી બીમાર પડે છે, જેના કારણે ચાર લાખથી વધુ લોકો મૃત્યુ પામે છે. આ વૈશ્વિક સમસ્યાનો સામનો કરવા, ખોરાકની સલામતીમાં સુધારો લાવવો અને બીમારીઓને ઘટાડવા જાગૃતિ સાથે ખોરાકનું સંચાલન કરવાનું જણાવ્યું હતું.